# Les Prières et A'amâles à accomplir da,s nos Lieux Saints MAKKA et MADINA

1°/ De tous les lieux, Masjidul Harâm ou La Mosquée qui entoure La Kaabâ est l'endroit le plus recommandé à effectuer la Prière ou Le Salât. Vient ensuite Masjidun Nabî à Madina dans laquelle se trouve la tombe sacrée du Saint Prophète saw. Le Namaz ou le Salât réalisé dans ces lieux procure de très grands Sawabs ou bienfaits accordés par Allah.

La chose la plus demandée et la plus importante à accomplir dans ces localités est d'effectuer les Prières manquées obligatoires de sa vie ou les Kaza Namaz. Ainsi, on se dégagera de son pénible fardeau des dettes envers son Seigneur et s'alourdira de gratifications de Sawabs démesurés.

Faute de Prières manquées ou Kaza Namaz obligatoires, on peut toujours refaire les Namaz effectués auparavant avec l'intention de Mafi Zimmah. Au cas où elles seraient invalides pendant leur accomplissement antérieur, ces Prières renouvelées les remplaceront. De cette façon, on se libèrera de ses créances envers son Créateur tout en s'enrichissant, en contrepartie, d'énormes Sawabs irréalisables dans son propre pays !

2°/ Il est Moustahab ou recommandé de faire une Prière de 2 Rakates chaque fois qu'on pénètre dans un Masjid , à titre révérenciel ou de respect pour cette place sacrée. Celle-ci peut être remplacée par le Namazé Kaza ou la Prière manquée obligatoire de 2 Rakates : l'obligation est faite, en même temps que le respect dû à la Mosquée : on donne un œuf pour avoir un bœuf !

3°/ On peut se diriger dans ces Lieux pour accomplir le Namazé Shab de 11 Rakates ou le Namazé Tahajjud , dans la première partie de la nuit ou, de préférence, après minuit. Dans le cas où l'on arrive en retard dans ces Lieux et qu'il ne reste que quelques minutes pour accomplir 4 Rakates de Prière avant le Namazé Soubh, on effectuera d'abord les 4 Rakates de Namazé Shab NON obligatoires, ensuite le Namazé Soubh obligatoire de 2 Rakates et, après celle-ci , on terminera les 7 Rakates de Namazé Shab qu'on avait déjà commencé auparavant.

Le Namazé Shab n'est pas obligatoire, cependant, il peut être effectué dans la journée, avec l'intention de Kaza au cas où, pour une raison quelconque, il n'a pu être réalisé pendant la nuit. Il ne faut jamais se désespérer de la Miséricorde divine et ne laisser jamais son temps s'écouler sans le Sawab comme le robinet d'eau laissé ouvert !

Dans le cas où quelqu'un a des Prières manquées ou Kaza Namaz à sa charge, qu'il se libère, en premier lieu, de ses obligations en accomplissant celles-ci à la place de 10 Rakates de Namazé Shab et faire une Rakate supplémentaire et Moustahab de Namazé Vitar pour multiplier les Sawabs.

4°/ Toutes ces Prières manquées (Kaza Namaz) ou de Tahajjud peuvent être accomplies dans sa chambre, à l'hôtel, au cas où on ne peut aller dans les Masjids, au lieu de dépenser son temps à raconter ou à écouter les bavardages, les blagues, les médisances et calomnies, les critiques des gens ou même des préceptes religieux ,etc… qui sont des actes répréhensibles, faisant partie des Gounahané Kabira. N'oubliez pas que de telles œuvres comportent des châtiments divins partout où elles sont réalisées, mais ses punitions s'amplifient lorsqu'elles sont effectuées dans ces Lieux considérés Sacrés. En plus de gros péchés , elles constituent des actes blâmables, violant le respect de ces Lieux et déshonorant le Saint Prophète et les Imams envoyés par Allah qui ont formulé ces principes en Son Nom.

Si les actes d'adoration multiplient les Sawabs dans ces endroits, il va de soi que les Gounahs accroissent aussi les punitions, ce qui n'est pas à démontrer.

5°/ La récitation des Dhûas contenus dans le Majmuâ , de l'Istighfâr, de Salvat, etc.. est conseillée, en plus de celle du Saint Qurân qui est très recommandée en ces jours. On doit commencer sa lecture par la Sourate Al Fatéha et le terminer en entier ou, en partie, pour mériter d'innombrables Sawabs.

Qu'Allah agrée votre Hajj et vous range parmi ses meilleurs Hajjis ! (Ameen)

# મદીના અને મકકાની મુબારક જગ્યાપર કરવાના અઅમાલ

૧ / સર્વે જગ્યા કરતાં ઉત્તમ જગ્યા મસ્જીદુલ હરામ છે જે મકકામાં ખાનએ કાઅબાની ચોફેર બનાવેલી છે અને તેના પછી મસ્જીદુન્નબીનો દરજો છે કે જયાં મદીનામાં હ૦ રસુલે ખુદા સ૦નો રોઝો મુબારક બાંધેલો છે. આવી જગ્યાઓમાં વાજીબ નમાઝો અદા કરવી , તે ન ગણી શકાય તેવો સવાબ રાખે છે .

સઉથી અફઝલ અને બેહતર અમલ તે છે કે ત્યાં જઇને પોતાની ઝીંદગીની કઝા નમાઝો પડે કે જેથી કઝા નમાઝોના કરજનો ભાર ઓછો થાય અને સવાબનો ભાર વધી જાય.

જો કઝા નમાઝો ન હોય તો પણ *મા ફી ઝીમ્માહ* ની નીય્યતથી પોતાની આગલી નમાઝો પડે કે જેથી અગર તેમાં કોઇ ખામી કે ખોટના કારણે બાતીલ થઇ ગઇ હોય તો ત્યાં પુરી થઇ જાય , ભાર ઓછો થાય, ઉપરાંત અને ખાસ કરી ઢગલાબંધ સવાબનો હકદાર બને કે જે પોતાના વતનમાં પણ ન મળી શકે .

૨ / દરેક મસ્જીદમાં જયારે દાખલ થાય ત્યારે મુસ્તહબ છે કે બે રકાત નમાઝ તહીય્યત અને હુરમતે મસ્જીદની નીય્યતથી પડે. માટે જયારે આ પવિત્ર જગ્યામાં દાખલ થાય તો પોતાની કઝા નમાઝામાંથી બે રકાત અદા કરીને, એક ઘામાં બે કામ પૂરા કરવા બરાબર થશે અને સવાબનો ડબ્બલ હકદાર બનશે.

૩ / મજકુર સ્થળોમાં જઇને અર્ધી રાત પહેલાં અથવા અર્ધી રાત પછી નમાઝે શબ અદા કરે કે જે અગ્યાર રકાતો છે. ત્યાં પહોંચવા વખતે, જો સુબ્હના ટાઇમ અગાઉ ચાર રકાત નમાઝ અદા થઇ શકે એટલોજ ટાઇમ બાકી હોય, તો પહેલાં ચાર રકાતો નમાઝે શબની સુન્નતની નીય્યતથી પડે , બાદ બે રકાત સુબ્હની વાજીબ નમાઝ અવ્વલ ટાઇમમાં પડે અને પછી બાકીની નમાઝે શબની સાત રકાતો પૂરી કરે .

જો કોઇ કારણસર રાતના નમાઝે શબ અદા ન થઇ શકી હોય તો અલ્લાહની રહેમતથી કદી નિરાશ થવું નહીં અને દિવસના પણ તેની કઝા આપી અગ્યાર રકાતો પૂરી પડે કે જેથી કોઇ ટાઇમ સવાબથી ખાલી ન જાય, જેવી રીતે નળમાંથી પાણી જમીનપર વહીને વેડફાઇ રહ્યું હોય !

અને જો પોતાની ઉપર કઝા નમાઝો હોય તો કઝાની વાજીબ નમાઝોની નીય્યતથી નમાઝે શબની દસ રકાતો પૂરી પડે અને વિતરની એક રકાત સુન્નતની નીય્યતથી નમાઝ તમામ કરે કે જેથી બધી જાતનો સવાબ મળી શકે .

૪ / જો મસ્જીદુલ હરામ અથવા મસ્જીદે નબવીમાં કોઇ કારણસર ન જઇ શકે , તો પોતે જયાં ઠહેર્યો હોય ત્યાં હોટલમાં, પોતાના રૂમમાં પણ આ બધી નમાઝો અદા કરી , વાતુના ખોટા ગપ્પાટા, ઠઠ્ઠા મશકરી, પારકી પંચાત, ગીબત, બીજાઓની બુરાઇ, ઇસ્લામના અહેકામની ટીકાઓ, વ૦ એવી ખરાબ અને ગુનાહભરી વાતો કરવાથી અથવા સાંભળવાથી બચી જાય.

યાદ રાખવું કે પોતાના ગામ અથવા વતનમાં આવા કામો કરવા બેહદ ગુનાહ રાખે છે, પરંતુ મજકુર મુબારક અને પવિત્ર જગ્યામાં તેજ કામોના ગુનાહોનો વજન વધી જાય છે, તેમની બેહુરમતીનું કારણ છે અને અલ્લાહ, તેના રસુલ સ૦ તથા અઇમ્માહ અ૦મુ૦ ની બેઇઝઝતી કરવા બરાબર છે .

જેવી રીતે ઇબાદત અને નેકીનો સવાબ વધુ છે એમ ગુનાહોનો અઝાબ પણ આવા સ્થળોમાં વધુ છે .

૫ / વઝીફહમાં જણાવેલી દુઆઓ, ઇસ્તગફાર, સલવાતની તસ્બીહ, ઉપરાંત કુરઆને શરીફ પડવું બહુજ સવાબ રાખે છે અને તેને પહેલાં સીપારાથીજ શરૂ કરે અને ત્યાંજ આખું કુરઆન ખત્મ કરે અથવા જેટલું બને એટલું પડે .

અલ્લાહ તમારી હજને કબુલ કરે અને તમને પણ તેમના ખાસ હાજીઓમાં શુમાર કરે ! (આમીન)